UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૦, મે - જૂન ૨૦૧૫

## કંપની પ્રોફાઇલ



## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## પ્રગતિને પંથે પ્રયાણ... એક નજરે...



યુજીવીસીએલનો ચાર્જ સંભાળતા નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ



મહિલા વિભાગ ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે ચેમ્પિયન...



વીજ સલામતી સપ્તાહ દ્વારા જાગૃતિ કેળવવાનો પ્રયાસ

વર્ષ–૫ અંક–૩૦, મે – જૂન ૨૦૧૫
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી અનુપમ આનંદ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દેસાઈ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી જે.એમ. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૬/૨૦૧૫

## આ અંકમાં

**નિમણૂંક**
» યુજીવીસીએલનો ચાર્જ સંભાળતા નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ......................૦૪

**કંપની પ્રોફાઇલ**
» ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પ્રગતિને પંથે પ્રયાણ... એક નજરે........................૦૫

**શપથ**
» વીજ સલામતી સપ્તાહ દ્વારા જાગૃતિ કેળવવાનો પ્રયાસ......૧૦



**ચેસ**
» ૪૦મી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની મહિલા વિભાગ ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે ચેમ્પિયન ....................................૧૧

**ઇન્ટરવ્યૂ**
» મહેસાણા ખાતે ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક)ની પસંદગી પ્રક્રિયાનું આયોજન...........૧૨

**ઉજવણી**
» પાટણ ખાતે ગૌરવ દિનની ઉજવણી.......................૧૩
» નેપાળની વ્હારે યુજીવીસીએલ.............................૧૩

**ગૌરવ/પ્રતિભાવ**
» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ............................૧૪
» ગ્રાહકોનો પ્રતિસાદ.........................................૧૪

**કાવ્ય ધારા**
» ખાલીપો..................................................૧૫
» વસંતજન્મ................................................૧૫
» અસીમ અમીધારા..........................................૧૫



**આગામી ચોમાસા દરમ્યાન વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપે થાય, આપણા માનવંતા ગ્રાહકોને વીજ વિતરણ અંગેની કોઈ મુશ્કેલી ન પડે તેવી કામગીરી કરવા અનુરોધ કરું છું.**

**પ્રિય કર્મચારી મિત્રો,**


''આપણું યુજીવીસીએલ'' મુખપત્રના માધ્યમથી આપની સાથે સંવાદ સાધતા આનંદની લાગણી અનુભવું છું.

ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક ઉત્થાન તેમજ ''ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ'' આપવાના ઉમદા કાર્યમાં છેલ્લા દસ વર્ષથી કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવુ છું.

તા. ૧-૬-૨૦૧૫થી તા. ૬-૬-૨૦૧૫ દરમ્યાન આપણે 'વીજ સલામતી' સપ્તાહની ઉજવણી કરી. સલામતીના સાધનો અને સૂચનાના અમલીકરણ બાદ સલામત કામગીરીનો સંતોષ મેળવવાનો યથાયોગ્ય પ્રયત્ન હાથ ધર્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં થયેલ કુલ અકસ્માતની સરખામણીમાં આ વર્ષે એટલે કે ૨૦૧૪-૧૫માં ઘટાડો થયેલ છે. અકસ્માત નિવારણ અંગેની કામગીરીમાં આપણે થોડા ઘણા અંશે સફળ રહ્યા છીએ, પરંતુ આપણે અકસ્માતરહિત કામગીરી કરવાનું ધ્યેય નજર સમક્ષ રાખવાનું છે.

'સલામતી સપ્તાહ' દરમ્યાન આપણા કર્મચારીઓને એક પણ અકસ્માત થયેલ નથી, જે આપણા માટે મહત્ત્વની બાબત છે. કાયમ માટે સલામત કામગીરી કરવા સર્વેને અનુરોધ કરું છું. જેથી 'વીજ સલામતી' સપ્તાહની ઉજવણી યથાર્થ સાબિત થાય.

આગામી ચોમાસા દરમ્યાન વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપે થાય, આપણા માનવંતા ગ્રાહકોને વીજ વિતરણ અંગેની કોઈ મુશ્કેલી ન પડે તેવી કામગીરી કરવા અનુરોધ કરું છું.



**અનુપમ આનંદ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૬-૨૦૧૫**

## નિમણૂંક

# યુજીવીસીએલનો ચાર્જ સંભાળતા નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુપમ આનંદ



રાજ્ય સરકારશ્રીના આદેશ અનુસાર તા. ૧૮-૦૬-૨૦૧૫ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી અનુપમ આનંદ, આઈ.એ.એસ. નિયુક્ત થતા તેમણે હોદ્દો સંભાળી લીધેલ છે. તા. ૦૫-૦૭-૧૯૭૬ના રોજ બિહારમાં જન્મેલ શ્રી અનુપમ આનંદ વર્ષ ૨૦૦૦ની બેચના આઈ.એ.એસ. અધિકારી છે. ઇતિહાસના વિષય સાથે સ્નાતક થયેલ છે તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણના વિષય સાથે અનુસ્નાતકની પદવી ધરાવે છે.

તા. ૦૭-૦૯-૨૦૦૦ના રોજ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે દેવગઢ બારીયા (દાહોદ) ખાતે પોતાની કારકિર્દીની શરૂઆત કરીને જમીન મહેસુલ અને જિલ્લા વહીવટી કામગીરીનો અનુભવ પ્રાપ્ત કરેલ. તા. ૨૦-૦૨-૨૦૦૪ના રોજ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મહેસુલ અને જિલ્લા વહીવટની કામગીરી કરેલ. ત્યારબાદ તા. ૦૩-૦૩-૨૦૦૭ના રોજ દાહોદના કલેક્ટર તરીકે, તા. ૨૪-૦૩-૨૦૦૮ના રોજ ડાંગ જિલ્લાના કલેક્ટર તરીકેનો અને તા. ૧૧-૦૨-૨૦૦૯ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના કલેક્ટર તરીકે કાર્યભાર સંભાળેલ. કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમ્યાન મુખ્યત્વે જમીન, મહેસુલ અને જિલ્લા વિકાસની કામગીરીને વેગ આપવાની કામગીરી હાથ ધરેલ. તા. ૩-૦૭-૨૦૧૧ના રોજથી જામનગર મ્યુનિસિપલ કમિશ્નર તરીકેની કામગીરી સંભાળેલ જે કામગીરી અંતર્ગત શહેરી વિકાસ અને કોર્પોરેશનની વહીવટી કામગીરી કરેલ. તા. ૦૨-૦૭-૨૦૧૪થી ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર તરીકે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ તેમજ અર્બન ડેવલોપમેન્ટ મિશનમાં એડિશનલ ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર તરીકે ગાંધીનગર ખાતે નિયુક્ત કરવામાં આવેલ.

તા. ૧૮-૦૬-૨૦૧૫નારોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હવાલો સંભાળતા યુજીવીસીએલ પરિવાર હર્ષની લાગણી અનુભવે છે. એક અનુભવી આઈ.એ.એસ. અધિકારી તરીકે તેઓશ્રીના અનુભવનો લાભ કંપનીને મળશે અને કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓના સહયોગથી ઉત્તરોત્તર પ્રગતિ સોપાનસર કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવે છે. શ્રી અનુપમ આનંદ ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટરશ્રી હારિત શુક્લ, આઈ.એ.એસ.ના અનુગામી છે. ■

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

# પ્રગતિને પંથે પ્રયાણ... એક નજરે...

UGVCL

ગુજરાત રાજ્યની પ્રજાને વીજ સુવિધા પૂરી પાડવા વર્ષ ૧૯૬૦માં ઇન્ડિયન ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૧૯૪૮ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડની રચના કરવામાં આવેલ. ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ગુજરાતનાં તમામ શહેરો અને ગામડાંઓનું વીજળીકરણ કરવામાં આવેલ.

ગુજરાતના વિકાસ સાથે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા વિકાસની હરણફાળ ભરીને દિનપ્રતિદિન ગુજરાત રાજ્યની પ્રજાની અપેક્ષા અને વીજળીની આવશ્યક સેવાની જરૂરિયાત સંતોષવા માટે વધુમાં વધુ કાર્યક્ષમ સેવા આપવા માટે ગુજરાત રાજ્યના તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત ઇલેક્ટ્રીસીટી ઇન્ડસ્ટ્રી (રીઓર્ગેનાઇઝેશન અને રેગ્યુલેશન) એક્ટ-૨૦૦૩ અન્વયે ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનર્ગઠન કરીને તેનું ૭ કંપનીઓમાં વિભાજન કરવામાં આવેલ. જેના ફળ સ્વરૂપે ઉત્તર ગુજરાતના ૭ (સાત) જિલ્લામાં વીજ વિતરણ અને ગ્રાહકોને વીજ સુવિધા પૂરી પાડવા ગુજરાત સરકારના જાહેરનામાથી તારીખ ૧૫-૯-૨૦૦૩ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રચના કરવામાં આવી અને તારીખ ૧ એપ્રિલ ૨૦૦૫થી આ કંપની વાણિજ્ય ધોરણે કાર્યરત થયેલ.

ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક જીવનને ઊંચે લઈ જવામાં મહત્ત્વનો ફાળો આપનાર તેમજ વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરીને ભારતરની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકે નામના મેળવનાર યુજીવીસીએલની આજ સુધીની યશસ્વી કામગીરી પર એક નજર ફેરવીએ...

### પ્રથમ દષ્ટિએ
### ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

| | |
|---|---|
| કાર્યક્ષેત્ર વિસ્તાર | : ૪૯,૯૫૦ ચો.કી.મી. |
| જિલ્લાની સંખ્યા | : ૭ જિલ્લા પૂર્ણ અને ૩ અંશતઃ |
| શહેર અને ગામડાંઓની સંખ્યા | : ૩૮ શહેર અને ૪૬૨૮ |
| કાર્યક્ષેત્રની વસ્તી (સંખ્યા) | : ૯૨,૬૩,૯૧૧ |
| સબ-સ્ટેશનની સંખ્યા | : ૪૨૧ |
| ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરની સંખ્યા | : ૧,૯૯,૨૬૮ |
| હાઈ ટેન્શન ફીડરોની સંખ્યા | : ૪૦૬૨ |
| હાઈ ટેન્શન લાઇન | : ૮૯૭૯૯.૩ કી.મી. |
| લો ટેન્શન લાઇન | : ૬૮૫૦૧.૪ કી.મી. |
| ગ્રાહકોની સંખ્યા | : ૩૦,૫૬,૨૬૧ |
| કર્મચારીઓની સંખ્યા | : ૭,૪૬૪ |
| સર્કલ/ડિવિઝન/સબ ડિવિઝન | : ૪ / ૨૧ /૧૨૮ + 5 R&C સબ ડિવિઝન |
| વર્ષ ૨૦૧૪-૧૫ની આવક | : રૂા. ૬,૫૫૨.૪૯ કરોડ |

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

### દીર્ઘદષ્ટિ (વિઝન)

- સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ.
- સર્વોત્તમ દરે સાતત્યપૂર્ણ વિશ્વસનીય તેમજ ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવો.
- વીજ વિતરણ અને વાણિજ્ય વિષયક ખોટ વૈશ્વિક ધોરણ સુધી ઘટાડવી.

### મૂળભૂત મૂલ્યો... (Core values)

- ગ્રાહકનો સંતોષ
- સહભાગી કાર્ય સંસ્કૃતિ
- સંસ્થા માટે સ્વત્વ અને સન્માન
- સર્વોત્તમ કાર્યક્ષમતા
- ઉત્કૃષ્ટ સેવા
- નૈતિક અને સામાજિક જવાબદારી પ્રત્યે સભાનતા

કંપનીએ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનું સફળ અમલીકરણ કરેલ છે. આ યોજના વિશે માહિતી મેળવીએ.

## વિવિધ ગ્રામ્ય વીજળીકરણની યોજનાઓ

### ખેતીવાડી વીજ જોડાણ :

**(અ) તત્કાલ યોજના (એપ્રિલ -૨૦૧૪થી માર્ચ -૨૦૧૫)**

| લક્ષ્યાંક | સિદ્ધિ |
|---|---|
| ૨૮૧૯ | ૨૮૨૬ |

સદર યોજનામાં ૮૦ ટકા રકમ અરજદારે ચુકવવાની હોય છે. જ્યારે ૨૦ ટકા રકમ કંપની દ્વારા ભોગવવામાં આવે છે.

**(બ) ટ્રાઇબલ સબપ્લાન યોજના**

**(એપ્રિલ -૨૦૧૪થી માર્ચ -૨૦૧૫)**

સદર યોજના અંતર્ગત સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ આદિવાસી વિસ્તારમાં રાજ્ય સરકારની સહાય થકી ખેતી વિષયક વીજ જોડાણ આપવામાં આવે છે.

| લક્ષ્યાંક | | સિદ્ધિ | |
|---|---|---|---|
| સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) | સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) |
| ૨૪૩૬ | ૪૮.૦૬ | ૨૫૦૧ | ૪૯.૨૬ |

**(ક) સ્પેશિયલ પ્રોજેક્ટ યોજના**

**(એપ્રિલ -૨૦૧૪થી માર્ચ -૨૦૧૫)**

સદર યોજના અંતર્ગત નોનડાર્કઝોન વિસ્તારમાં ખેતી વિષયક વીજ જોડાણ આપવામાં આવે છે.

| લક્ષ્યાંક | | સિદ્ધિ | |
|---|---|---|---|
| સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) | સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) |
| ૫૭૪૮ | ૧૦૨.૮ | ૫૭૦૩ | ૧૦૨.૧૭ |

### પેટાપરા વીજળીકરણ યોજના :

આ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના વીજળીથી વંચિત પેટાપરાઓનું રાજ્ય સરકારની સહાયથી વીજળીકરણ કરવામાં આવે છે.

### એસ.સી.એસ.પી. યોજના :

આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિનાં ઘરો અને મહોલ્લાઓનું વીજળીકરણ કરવામાં આવે છે. જે અંતર્ગત વિનામૂલ્યે વીજ જોડાણ આપવામાં આવે છે.

| લક્ષ્યાંક | | સિદ્ધિ | |
|---|---|---|---|
| સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) | સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) |
| ૩૦૦૦ | ૩.૦ | ૩૪૩૪ | ૩.૮૪ |

### વિવેકાધીન યોજના :

આ યોજના અંતર્ગત માનનીય સંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ ભલામણના અનુસંધાને આયોજન મંડળ તરફથી નાણાંની ફાળવણી થતાં વીજ સુવિધાથી વંચિત ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીકરણ કરવામાં આવે છે.

### ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના :

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં ઝુપડામાં રહેતા બીપીએલ લાભાર્થીઓની ફક્ત રૂ. ૫૦ ભરપાઈ થતાં રાજ્ય સરકારની સહાયથી ઘર વપરાશના હેતુ માટે વીજ જોડાણ આપવામાં આવે છે. શહેરી વિસ્તારમાં રૂ. ૩૬ હજારથી ઓછી વાર્ષિક આવક અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭ હજારથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લોકોને કનેક્શન વિના મૂલ્યે આપવામાં આવે છે. જે યોજના અંતર્ગત કનેક્શન સમયે ૧ પોઇન્ટનું વાયરિંગ તથા ૧ સીએફએલ બલ્બ આપવામાં આવે છે. જેની યાદી નગરપાલિકા, મહાનગરપાલિકા અને તાલુકા વિકાસ અધિકારી તરફથી મોકલવામાં આવે છે.

| લક્ષ્યાંક | | સિદ્ધિ | |
|---|---|---|---|
| સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) | સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) |
| ૧૨૦૦૦ | ૮.૫૦ | ૧૪૨૯૪ | ૧૧.૫૦ |

### કુટિરજ્યોતિ યોજના :

આ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારમાં હયાત વીજજોડાણથી ૧૦૦ મીટરની મર્યાદામાં રાજ્ય સરકારની સહાયથી ઘરવપરાશના હેતુ માટે નિયત કરેલ આવક કરતાં ઓછી આવક ધરાવતા લાભાર્થી લોકોને વીજજોડાણ આપવામાં આવે છે.

| લક્ષ્યાંક | | સિદ્ધિ | |
|---|---|---|---|
| સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) | સંખ્યા | નાણાંકીય ખર્ચ (રૂ. કરોડમાં) |
| ૨૦૦૦ | ૦.૭૫ | ૧૫૧૨ | ૦.૮૩ |

### નોર્મલ ડેવલપમેન્ટ યોજના :

ગુજરાતના વીજ નિયમન પંચ દ્વારા કરવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર અરજદાર તરફથી જરૂરી વીજ માળખા માટે ખર્ચની રકમ ભરપાઈ કરાતાં ઘર વપરાશ, વાણિજ્ય, વોટર વર્કસ, ઔદ્યોગિક હેતુ વગેરે માટે વીજજોડાણ આપવામાં આવે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીના વનબંધુ યોજના હેઠળ એક હજાર કૂવાઓનું વીજળીકરણ, ટપક પદ્ધતિ યોજનાથી હાથ ધરવાનું આયોજન કરેલ છે.

### કોસ્ટલ એરીયા :

ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ દરિયાકાંઠાના વિસ્તારોની યોજના અન્વયે કંપનીને રૂ. ૪ કરોડ દરિયાકાંઠાના વિસ્તારમાં વીજ વિતરણની માળખાકીય સુવિધાના સુધારા માટે ફાળવવામાં આવેલ છે, જેમાં ધંધુકા તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ધંધુકા તાલુકામાં વીજ લાઇનોના સમારકામોની જરૂરી કામગીરી જેવી કે ખરાબ થઈ ગયેલા વાયરો, થાંભલા, બોક્સ, સર્વિસ લાઇન તથા ઇન્સ્યુલેશન બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત ધોલેરા ખાતે સાગરખેડુ યોજના અંતર્ગત કોટેડ કંડક્ટર લગાવવામાં આવેલ છે.

## આવક વૃદ્ધિ અંગેનાં પગલાં :

- તમામ એચટી ગ્રાહકોમાં મીટર રિડિંગ જીએસએમ આધારિત રિમોર્ટ મીટરોથી લેવામાં આવે છે.
- થાંભલા ઉપરથી કરવામાં આવતી સીધી વીજ ગેરરીતિ અટકાવવા 'એરીયલ બંચ' કેબલનો ઉપયોગ કરવામાં આવેલ છે તેમજ સામૂહિક રીતે મીટરોની ચકાસણી રાત્રિ તેમજ અલગ અલગ સમયે તેમજ મોટા પાયે મેઈન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૩,૧૯,૭૬૪થી પણ વધુ જૂનાં અથવા ખામીયુક્ત મીટરોને સ્થાને નવા મીટરો નાખવામાં આવ્યાં.
- વર્ષ ૧૪-૧૫ દરમ્યાન ૨૭૧ લોક અદાલતોનું આયોજન કરી ૧૦,૧૭૩ કેસોનો નિકાલ કરી આશરે રૂ. ૨૧૯.૫૨ લાખના દાવા પતાવવામાં આવ્યા અને અંદાજે રૂ. ૧૫૭.૧૬ લાખની રીકવરી કરવામાં આવી.
- નરોડા (અર્બન), કઠવાડા, સિલેજ નવીન પેટા વિભાગીય કચેરીઓ શરૂ કરવામાં આવી.

## ટી.એન્ડડી. લોસ ઘટાડવાનાં પગલાં :

સમગ્ર વર્ષ દરમ્યાન વધારે લોડવાળા ૨૧૮ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

સમગ્ર વર્ષ દરમિયાન સઘન ચેકીંગ, માસ ચેકીંગ તેમજ વીજ ગેરરીતિ સામે ઝુંબેશ હાથ ધરીને આશરે ૭,૫૬,૭૬૨ કનેક્શનો ચેક કરીને કુલ ૧૩,૯૮૧ કનેક્શનોમાં ગેરરીતિ પકડીને કુલ આશરે ૨,૬૬૨.૫૧ લાખ રૂપિયાનાં બીલો ગ્રાહકોને આપવામાં આવેલ છે.

ટ્રાન્સફર્મરનો લોસ ઘટાડવાની ઝુંબેશના ભાગરૂપે કુલ ૧૯૯૩ એમોરફોર્સ ટ્રાન્સફર્મર લગાડેલ છે.

વીજ ગેરરીતિ અંગે ગ્રાહકોને સાવચેત કરવા અંગે પ્રોગ્રામો પણ હાથ ધરવામાં આવી રહેલ છે.

## દસ વર્ષની સફળ કામગીરીને પરિણામે મેળવેલ સિદ્ધિઓ

વીજશક્તિ દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતમાં સામાજિક અને આર્થિક વિકાસ ઉપરાંત દસ વર્ષના ટૂંકા ગાળામાં ગ્રાહક વીજ વિતરણ અને વીજ સુવિધા પૂરી પાડવાના ભાગ રૂપે કરેલ કામગીરી દરમ્યાન નીચે મુજબની મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરેલ છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ છે.

જ્યોતિગ્રામ યોજના તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા તારીખ ૧૧-૧૧-૦૬ના રોજ રાષ્ટ્રાપર્ણ કરવામાં આવેલ. જ્યોતિગ્રામ યોજનાનો કેન્દ્રબિંદુ એવો મહેસાણા જિલ્લો સમગ્ર ભારત વર્ષમાં પ્રથમ જિલ્લો છે કે જેણે જ્યોતિગ્રામ યોજના પૂર્ણ કરેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની એ પ્રથમ વીજ વિતરણ કંપની છે કે જેણે ''જ્યોતિગ્રામ યોજના'' સૌ પ્રથમ પૂર્ણ કરી સમગ્ર રાષ્ટ્રને દિશા નિર્દેશ તેમજ રાહબરી પૂરી પાડેલ છે. ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ પૂર્ણ કરવામાં આવેલ.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીને લક્ષમાં લઈને ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા ''બ્રોન્ઝશીલ્ડ'' માટે કંપની પસંદ થતાં તારીખ ૨૧-૩-૨૦૦૭ના રોજ માનનીય વડાપ્રધાન ડો. મનમોહનસિંહ દ્વારા અર્પણ કરવામાં આવેલ છે. ''બ્રોન્ઝશીલ્ડ'' માટે પસંદગી કરતી વેળાએ કંપનીને એ.ટી.એન્ડસી. લોસ માટે ૪૦.૫૩ ગુણ, નાણાંકીય પરિસ્થિતિ માટે ૨૦ ગુણ, મીટરીંગ માટે ૮.૪૨ ગુણ તથા વિશ્વસનીયતા માટે ૩.૫૨ ગુણ મળીને કુલ ૭૨.૪૭ ગુણ આપવામાં આવેલ છે. ગોલ્ડ શીલ્ડ તથા સીલ્વર શીલ્ડ મેળવનાર કંપનીનું કાર્યક્ષેત્ર માત્ર શહેરી વિસ્તાર પૂરતું છે તેમજ તેનું સંચાલન ખાનગી કંપની દ્વારા થાય છે. જ્યારે સરકાર હસ્તક સંચાલન હોય, ગ્રામ્ય વિસ્તારમાં પણ વીજ વિતરણ કરતી હોય અને જેનો ૬૦ ટકા વીજભાર ખેતી ક્ષેત્રે હોય તેવી શીલ્ડ મેળવનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ એક માત્ર કંપની છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે નોંધપાત્ર તેમજ ગુજરાત રાજ્ય માટે ગૌરવપ્રદ બાબત છે.

'બ્રાન્ઝશીલ્ડ' મેળવ્યા બાદ કંપનીના કર્મચારીઓનો કામ પ્રત્યેનો આત્મવિશ્વાસ વધ્યો અને ત્યાર બાદ સિધ્ધિઓ પ્રાપ્ત કરવાની બાબતમાં પાછું વળીને જોયું જ નથી અને ગુજરાતને વીજ વિતરણ કંપનીને પોતાની આગવી કામગીરી દ્વારા એવોર્ડ્ઝ કેવી રીતે મેળવી શકે તે અંગે રાહ ચીંધેલ છે અને જે અંતર્ગત નીચે જણાવેલ સિધ્ધિઓ એવોર્ડ્ઝ સ્વરૂપે પ્રાપ્ત કરેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીને ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વર્ષ ૨૦૧૦-૧૧ માટે 'ગોલ્ડ શીલ્ડ' આપવામાં આવેલ. આ ઉપલબ્ધિ હાસલ કરવામાં ટી.એન્ડડી. લોસમાં થયેલ વિક્રમજનક ઘટાડો, સઘન

**''સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ''ના વધુ એક પ્રયાસના ભાગરૂપે કંપની હેઠળની સાબરમતી હાઈટિક મીટર ટેસ્ટિંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી (NABL) દ્વારા અધિકૃત આઈ.એસ.ઓ./આઈ.ઈ.સી. / ૧૭૦૨૫ : ૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે.**

# કંપની પ્રોફાઇલ


ચેકીંગ, માસ મેઇન્ટેનન્સ અને અન્ય મહત્ત્વની કામગીરીને લીધે હાંસલ થયેલ છે.



- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૦૫-૦૬ માટે ''બ્રોન્ઝશીલ્ડ'' મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ કંપની.
- રૂ. ૧૦૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઇડર કંપનીઓની કેટેગરીમાં નેશનલ એવોર્ડ ફોર ''એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭'' મેળવનાર કંપની.
- ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ''IEEMA પાવર એવોર્ડ-૨૦૦૮'' મેળવનાર કંપની.
- ખેતીક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ''ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૦૯'' મેળવનાર કંપની.
- ''ગુડ પર્ફોમન્સ એવોર્ડ'' જાહેર ક્ષેત્રની કેટેગરીમાં ''એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ -૨૦૦૯'' માટે ICWAI તરફથી મેળવનાર કંપની.
- એનર્જી એફીસીયન્સી, કન્ઝર્વેશન અને ડીમાન્ડ સાઇડ મેનેજમેન્ટ માટે '' ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૦'' મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે મહિલા તરીકે કરેલ વિવિધ કામગીરી માટે ''વુમન ઇન પાવર સેક્ટર''ની કેટેગરી માટે વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી સી.આર. દેસાઈ થકી ''ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૧'' મેળવનાર કંપની.



- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ગોલ્ડશીલ્ડ મેળવનાર કંપની.




- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ''પાવર લાઇન એવોર્ડ-૨૦૧૨'' મેળવનાર કંપની.
- ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ''ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨'' મેળવનાર કંપની.
- ગ્રીન પાવર ખરીદીમાં નોંધપાત્ર લક્ષ્યોંક સિદ્ધ કરીને ગોવા ખાતે ઇન્ડિપેન્ડન્ટ પાવર પરચેઝ એસોસિએશન (IPPAI) દ્વારા ગ્રીનેસ્ટ ડિસ્કોમનો રનર્સ-અપ એવોર્ડ મેળવનાર કંપની.
- સંશોધનાત્મક આવિષ્કાર માટે ઇન્ડિયા યુટિલિટી નોલેજ એન્ડ નેટવર્કિંગ ફોરમ ૨૦૧૪ (IUKAN) તરફથી ''બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ એવોર્ડ'' મેળવનાર કંપની.
- ''બેસ્ટ ઓવર ઓલ પરફોર્મન્સ ઇન પ્રાઇવેટ સેક્ટર એન્ડ પીએસયુ કેટેગરી માટે પ્રતિતિષ્ઠત ''ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૪'' મેળવનાર કંપની.

ફાર્મ હાઉસ અને છૂટા છવાયા રહેણાંકમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા પાયલોટ ટ્રાન્સફોર્મર (PAT)નું સંશોધન કરનાર તેમજ ઈઆરડીએ દ્વારા પ્રમાણિત હોય તેવી ભારતમાં પ્રથમ વીજ કંપની પણ આપણે છીએ. અત્યાર સુધીમાં કુલ ૨૫૭૧ ટ્રાન્સફોર્મર કાર્યાન્વિત કરવામાં કરવામાં આવેલ છે, જેને લીધે ''જ્યોતિગ્રામ'' યોજનાની સફળ કામગીરી અસરકારક રીતે લોકો સુધી પહોંચાડી શકાઈ છે. જેની સફળતાથી પ્રેરાઇને રાજસ્થાન તેમજ હરિયાણામાં વિદ્યુત વિતરણ નિગમ દ્વારા ત્રણ ટ્રાન્સફોર્મર પ્રાયોગિક ધોરણે કાર્યરત કરેલ છે. આ ટ્રાન્સફોર્મર ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા જે તે સ્થળે જઈને કાર્યાન્વિત કરી આપવામાં આવેલ છે.



વર્ષ ૧૪-૧૫માં ૯.૮૭ ટકા વીજ વિતરણ ખોટ કે જેને લીધે સમગ્ર ભારતમાં સિંગલ ડિઝિટ ડીએન્ડડી લોસ ધરાવતું પ્રથમ રાજ્ય બનેલ છે તેવુ માનવામાં આવે છે. વર્ષ ૧૪-૧૫માં ૯.૮૭ ટકાની સપાટીએ આવતા એક જ વર્ષમાં ૬.૮૯ ટકાનો સિમાચિન્હરૂપ ઘટાડો થયેલ છે તેમજ વર્ષ ૧૫-૧૬માં વાર્ષિક લક્ષ્યાંક ૯.૧ ટકા પ્રમાણે ઘટાડો કરવાનો નિર્ધાર કરેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫ સુધી આવકમાં રૂ. ૬,૫૫૨.૪૯ કરોડનો વધારો મેળવેલ છે. તેમજ ખેતીવાડી સિવાયના ફિડરોનો વાર્ષિક ડિસ્ટ્રીબ્યુશન લોસ ૮.૦૮ ટકા રહેલ છે.

સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો પૂરો પાડવા અમદાવાદ શહેરની નજીકનાં બોપલ-ઘુમા વિસ્તારમાં અન્ડર ગ્રાઉન્ડ પાવર કેબલ સિસ્ટમની કાર્યવાહી તથા શહેરની આજુબાજુના વિસ્તારો ચાંદખેડા તથા અડાલજમાં અન્ડર ગ્રાઉન્ડ પાવર કેબલ સિસ્ટમ કાર્યાન્વિત કરવામાં આવેલ. ગ્રાહકલક્ષી અભિગમના ભાગરૂપે ‘‘કન્ઝ્યુમર મીટ’’ દરમ્યાન ગ્રાહકોની અપેક્ષા મુજબ કલોલ, છત્રાલ, કડી વગેરે જીઆઈડીસીને નજીકનાં ૬૬ કે.વી. સબ સ્ટેશનથી ‘‘અન્ડર ગ્રાઉન્ડ’’ કેબલ પ્રજાકીય ભાગીદારીથી નાખવાનું આયોજન કરેલ. તેમજ સરદાર પટેલ રીંગ રોડ તથા ગાંધીનગર વિસ્તારમાં રૂ. ૫૪૦ લાખનાં ખર્ચે ઇન્ફાસ્ટ્રક્ચર ફીડરો કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

‘‘સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ’’ના પ્રયાસના ભાગરૂપે કંપનીના તાબા હેઠળની સાબરમતી હાઈટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી (NABL) દ્વારા અધિકૃત આઈ.એસ.ઓ./આઈ.ઈ.સી. / ૧૭૦૨૫ : ૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. સરકાર હસ્તકની વીજ વીતરણ કંપનીઓ પૈકી સમગ્ર ભારતમાં આ પ્રમાણપત્ર મેળવનાર યુજીવીસીએલ સરકાર હસ્તકની પ્રથમ વીજ વિતરણ કંપની છે. અહીં નોંધનીય છે કે, આ ટેસ્ટ ઇક્વીટમેન્ટની એક્યુરેસીનો કલાસ ૦.૦૫ છે.

કંપનીનાં નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરવા તેમજ પ્રવર્તમાન વીજક્ષેત્રના સ્પર્ધાત્મક વાતાવરણને અનુલક્ષીને તેમજ વીજ નિયમન પંચની ગ્રાહક સુવિધાઓ અને જરૂરી માળખાકીય સુવિધાઓ માટે જરૂરી પરિવર્તનોને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવતા સમગ્ર કંપની આઈ.એસ.ઓ. ૯૦૦૧ - ૨૦૦૮ પ્રમાણિત થયેલ છે. ખેતી વિષયક વીજ વપરાશ કુલ વીજ વપરાશના ૫૮થી ૬૦ ટકા ધરાવે છે.

ઇ-ઊર્જાના ક્ષેત્રે પણ આપણી કંપનીએ અગ્ર સ્થાન પ્રાપ્ત કરેલ છે. અપેક્ષિત કામગીરીમાં દરેક કર્મચારીઓની વિગતો જેવી કે, બઢતી અને બદલી માટે કામગીરી થઈ શકે તેવી વિગતો અપડેટ કરવામાં આવે છે. તમામ કર્મચારીઓનાં મુસાફરી ભથ્થાનાં બીલ, રજા, રીપોર્ટ મંજૂર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. રીજીઓનલ સ્ટોર ઓફિસ, વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીમાં સ્ટોર થયેલ માલ સામાન તેમજ અસ્ક્યામતોની વિગતો રાખીને તેનાં વ્યવહારોની તા. ૧-૪-૨૦૦૬થી નોંધણી કરવામાં આવી રહી છે. તમામ ખરીદી અંગેના ઓર્ડરની નોંધણી કરવામાં આવે છે. તમામ કોન્ટ્રક્ટરો / સપ્લાયરોનું પેમેન્ટ ઈ-ઊર્જામાં નોંધવામાં આવેલ છે.

‘‘સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ’’ આપી શકાય તેવા ઉદ્દેશને પરિપૂર્ણ કરવાના હેતુથી ગ્રાહકોની વચ્ચે જઈને કંપનીને લગતા વીજ ક્ષેત્રના પ્રશ્નો સમજવા મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા નિયમિત રીતે ધારાસભ્યો તથા સ્થાનિક લોક પ્રતિનિધિઓ વગેરે સાથે પરામર્શ બેઠકો દરેક જિલ્લામાં યોજવામાં આવેલ છે.

કંપની દ્વારા થયેલ સફળ કામગીરીથી પ્રભાવિત થઈને પંજાબ, હરિયાણા, બિહાર તથા અન્ય રાજ્યોના મંત્રીશ્રીઓ, ચૂંટાયેલ પ્રતિનિધિઓ તથા ઊર્જા ક્ષેત્રના સનદી અધિકારીઓએ કંપનીની રૂબરૂ મુલાકાતો લઈ કામગીરીની માહિતી મેળવી પોતાના રાજ્યમાં આ પ્રકારે કામગીરી કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે.

ઉત્તર ગુજરાતમાં સૌના સામાજિક અને આર્થિક અને સર્વાંગી ઉત્થાન માટે આ છે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કટિબદ્ધતા! ■

# વીજ સલામતી સપ્તાહ દ્વારા જાગૃતિ કેળવવાનો પ્રયાસ

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી હારીત શુક્લના માર્ગદર્શન હેઠળ અને કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈના નેતૃત્વ હેઠળ તા.૧-૬-૨૦૧૫થી ૬-૬-૨૦૧૫ દરમ્યાન વીજ સલામતી સપ્તાહની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના તાબા હેઠળ આવેલ વિવિધ વર્તુળ કચેરીઓને સપ્તાહ દરમ્યાન કરવાના કાર્યક્રમ અંગેની માહિતી પરિપત્ર દ્વારા પૂરી પાડવામાં આવેલ કે જેથી આયોજનબદ્ધ રીતે સંપૂર્ણ કાર્યક્રમની સફળતાપૂર્વક ઉજવણી કરી શકાય. કંપની હેઠળના હિંમતનગર, મહેસાણા, પાલનપુર અને સાબરમતી સર્કલને વીજ સલામતી સપ્તાહની જાગૃતિ માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો સંદેશો તમામ લાઈન સ્ટાફના કર્મચારીઓને આપવામાં આવેલ.

વીજ અકસ્માત ન થાય તે માટેની સમજ આપવા માટે કુલ ૧૨૮ જેટલી મિટિંગોનું કર્મચારીઓ સાથે બેસીને આયોજન કરવામાં આવેલ. નવી ફ્રોય બાઉન્ડરીની કામગીરી કુલ ૪૨ જગ્યાએ કરવામાં આવેલ છે. તેમજ બની ગયેલ ૨૭૯ જેટલી ફ્રોય બાઉન્ડરીનું સ્પષ્ટિકરણ કરવામાં આવેલ છે. ગ્રાહકોના સ્થળ ઉપર ૧૭૫ જેટલા અર્થિંગનું ચેકિંગ કરવામાં આવ્યું.

આકાશી વીજળી પડવાથી નુકસાન ન થાય તે માટે ૯૬૧ જેટલા લાઈટિંગ એરેસ્ટર ટ્રાન્સફોર્મર સેન્ટર ખાતે લગાવવામાં આવ્યા છે. જ્યારે ૪૯૯ જેટલા ફીડર ઉપર લાઈટિંગ એરેસ્ટ લગાવવામાં આવેલ છે. આપણા વીજ થાંભલા ઉપર કે પ્રાઈવેટ ચેનલવાળા દ્વારા કેબલો નાખવામાં આવે છે જે આપણા લાઈન સ્ટાફને વીજ વિક્ષેપના નિવારવામાં અડચણરૂપ હોય છે તેઓને છાપામાં નોટીસ આપીને કુલ ૬૬૨ જેટલી એ.ટી. અને ૫૯૮ જેટલી એલપી લાઈનો પરથી હટાવવામાં આવ્યા છે. કંપનીના તાબા હેઠળના વિસ્તારમાં આવેલ શાળાઓમાં નડતરરૂપ વીજ થાંભલા અને વીજ લાઈનોને હટાવવાની કામગીરી કુલ ૨૬ સ્કૂલમાં કરવામાં આવેલ છે. જમીન લેવલથી લાઈન વચ્ચેનું અંતરે જે જગ્યાઓએ ઓછું હતું તેવી કુલ ૧૫૩ જેટલી જગ્યાઓએ અંતર વધારવાની કામગીરી હાથ ધરી. કુલ ૧૨૦ જેટલા જોખમી લાઈનોના ફોસીંગો દૂર કર્યા. કુલ ૧૨૮૪ જેટલા જગ્યાઓએ બે લાઈનો વચ્ચેના અંતરની યોગ્યતા જાળવવા સ્પેશર લગાવીને સલામતીમાં વધારો કરવાની કામગીરી હાથ ધરી. કુલ ૧૨૪૦ ગ્રાહકોના મીટરના અર્થિંગની ચકાસણી કરી. ૧૬૬ જેટલાં ગામોની મુલાકાત લઈને અકસ્માત નિવારવા માટે લોકજાગૃતિ કેળવાય તે માટે ખાસ પ્રયત્નો હાથ ધર્યા.

ગ્રાહકોના વીજ વાપરાશના સ્થળે વીજ અકસ્માત ન થાય તે માટે ઈએલસીબી સ્વિચ લગાવવા માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને જેને પરિણામે કુલ ૧૦૯૦ જેટલી સ્વિચો લગાવવામાં આવી. વીજ કનેકશન આપતી વખતે લેવામાં આવતા કુલ ૫૨૯ જેટલા ટેસ્ટ રિપોર્ટ / વાયરીંગની જણાવેલ લોડ પ્રયત્નોની ચકાસણી કરવામાં આવ્યું.



વીજ સલામતી અંગે શપથ

**ઉત્તર ગુજરાત વીજ કંપનીના તાબા હેઠળ આવેલ વિવિધ વર્તુળ કચેરીઓને સપ્તાહ દરમ્યાન કરવાના કાર્યક્રમ અંગેની માહિતી પરિપત્ર દ્વારા પૂરી પાડવામાં આવેલ કે જેથી આયોજનબદ્ધ રીતે સંપૂર્ણ કાર્યક્રમની સફળતાપૂર્વક ઉજવણી કરી શકાય.**

આમ સમગ્ર સપ્તાહ દરમ્યાન વીજ સલામતી વધે અને અકસ્માતનું નિવારણ થાય તે દિશામાં મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવી. સપ્તાહ દરમ્યાન કર્મચારીઓ દ્વારા સાચવેતીપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી. જેને પરિણામે એક પણ કર્મચારીને ઈજા થયેલ નથી અને વીજ સલામતી સપ્તાહ અંગે કંપનીના યાંત્રિક કર્મચારીઓમાં ઉત્સાહ અને સાવચેતીની ભાવના જોવા મળલ. કંપનીના ઉચ્ચ સત્તાધીશો દ્વારા આ અંગેની હકારાત્મક નોંધ લેવામાં આવેલ છે. ■

# ૪૦મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની

# મહિલા વિભાગ ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે ચેમ્પિયન...

તા. ૨૫-૫-૨૦૧૫થી તા. ૨૯-૫-૨૦૧૫ દરમ્યાન ૪૦મી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડની મહિલા વિભાગની ચેસ ટુર્નામેન્ટનું આયોજન ટ્રાન્સકો સ્પોર્ટ્સ કાઉન્સીલના યજમાન પદે હૈદરાબાદ ખાતે કરવામાં આવેલ. દર વર્ષે યોજાતી આ ટુર્નામેન્ટમાં કુલ ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધેલ. ચેસ ટુર્નામેન્ટની સાથે કેરમ તથા ટેની કોઇટની ટુર્નામેન્ટનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ.

ગત વર્ષે ગુજરાતમાં ગાંધીનગરની યજમાનપદે યોજાનાર ૩૯મી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યા બાદ ખૂબ જ આત્મ વિશ્વાસ સાથે આ વર્ષે ભાગ લઈ રહેલ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નેજા હેઠળની ટીમને માથે ચેમ્પિયનશીપ જાળવી રાખવાની વિશેષ જવાબદારી હતી. દરેક ખેલાડીઓને ટીમ ઈવેન્ટમાં કુલ ૪ ગેમ રમવાની હતી.

આ ટીમે ખૂબ સ્વસ્થ ચિત્તે અને એકાગ્રતાથી રમીને કુલ ૧૧.૫ પોઈન્ટ પ્રાપ્ત કરીને સતત બીજા વર્ષે ચેમ્પિયન બનીને ટુર્નામેન્ટ જીતી લીધેલ છે. ટુર્નામેન્ટનું લક્ષ્ય હરિફ ટીમોને હરાવીને ચેસની રમત પ્રત્યેનું પોતાનું પ્રભુત્વ સાબિત કરવામાં મહિલા ખેલાડીઓ સફળ રહેલ છે.

ટુર્નામેન્ટ જીતવાના મહત્ત્વના પરિબળમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના પ્રથમ ક્રમાંકિત ખેલાડી શ્રીમતી નીલાબેન શાહ, સિનિયર આસિસ્ટન્ટ, નડિયાદ વિભાગીય કચેરી, મધ્ય ગુજરાત વીજ કંપનીએ ચારમાંથી ચાર ગેમ જીતીને પ્રથમ નંબરના ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપેલ.

તાજેતરમાં જબલપુર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી ચેસ ટુર્નામેન્ટ (પુરૂષ વિભાગ)ની ટીમ રનર્સ-અપ બનીને જીયુવીએનએલનું ગૌરવ વધાર્યા બાદ મહિલા વિભાગમાં ફરી વાર ચેમ્પિયન બનીને બંને વિભાગમાં કોઈ એક જ રમતમાં પ્રભુત્વ બતાવે તેવી અનોખી ઘટના બનેલ છે. ટુર્નામેન્ટ જીત્યા બાદ વિજેતા ખેલાડીઓને જીયુવીએનએલ હસ્તકની તમામ વીજ કંપનીના સત્તાધીશો તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ અને ભાવિ દેખાવ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.


શ્રીમતી આશાબેન ખાલપાડા, યુજીવીસીએલ


શ્રીમતી નીલાબેન શાહ, એમજીવીસીએલ


વિજેતા મહિલા ખેલાડીઓ


ટ્રોફી ગ્રહણ કરતી ટીમ જીયુવીએનએલ

ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશનના પ્રોજેક્ટ ખાતે ૧૫ મેથી ૧૭ મે ૨૦૧૫ દરમ્યાન કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાતના જાણીતા ખેલાડી તથા કોચ શ્રી એસ.કે. સિંહા દ્વારા સતત બીજા વર્ષે કોચિંગ આપવામાં આવેલ. કોચિંગ કેમ્પનું આયોજન શ્રી એમ. આઈ. પટેલ મુખ્ય ઈજનેરના માર્ગદર્શન હેઠળ શ્રી થોમસ, શ્રી બી.એન. ગજ્જર, સેક્રેટરી રીક્રીયેશન કલબ તથા શ્રી એચ.આઈ દવેએ મુખ્ય ભૂમિકા ભજવેલ. મેનેજર તરીકે શ્રી કે.વી. હાલાણી, નાયબ ઈજનેર બોટાદ વિભાગીય કચેરી કે જેઓ જબલપુર ખાતે તાજેતરમાં રમાયેલ ટુર્નામેન્ટમાં ત્રીજા ટેબલ પર બોર્ડ પ્રાઇઝ વિજેતા બનેલ. તેઓએ ફરજ બજાવીને મહિલા ખેલાડીઓને માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરું પાડેલ.

ટુર્નામેન્ટમાં ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે તેલંગાના ટ્રાન્સકોના ટી. શ્રીનીવાસ, સીએમડી, જી. નરસિંહા રાવ, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ટી. મધુસૂદન સિનિયર જનરલ મેનેજર, શ્રીરામ, ચીફ અમ્પાયર ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે સમાપન સમારંભ ટી. શ્રીનીવાસ, સીએમડી, શ્રી જી. નરસિંહ રાવ, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તેમજ શ્રી ટી.ડી. કુમાર, શ્રી વડવેલુ જોઈન્ટ સેક્રેટરી એઆઈએસસીબી ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મોમેન્ટો આપવામાં આવેલ. ■

# મહેસાણા ખાતે ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક)ની પસંદગી પ્રક્રિયાનું આયોજન





તા. ૨૬ અને ૨૭ મે ૨૦૧૫ દરમ્યાન મહેસાણા ખાતે આવેલ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે એપ્રેન્ટીસ લાઇનમેનની તાલીમ પૂર્ણ કરેલ હોય તેવા કુલ ૧૯૦૦ જેટલા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લના માર્ગદર્શન હેઠળ અને કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઈના નેતૃત્વ હેઠળ શ્રી એ.સી. પ્રજાપતી, વિશેષ મહાપ્રબંધક અને એચ.આર. વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓના સહયોગથી કરવામાં આવેલ.

સમગ્ર પ્રક્રિયા સુચારૂ પૂરી થાય એ માટે ફિલ્ડ ઓફિસ તથા કોર્પોરેટ ઓફિસના અધિક્ષક ઇજનેરો, કાર્યપાલક ઇજનેરો, નાયબ ઇજનેરો, જુનિયર ઇજનેરો, એકાઉન્ટ શાખાના ડેપ્યુટી કન્ટ્રોલ ઓફ એકાઉન્ટ્સ, એકાઉન્ટ ઓફિસર તથા અલગ અલગ સર્કલ ઓફિસના સિનિયર આસિસ્ટન્ટ તથા જુનિયર આસિસ્ટન્ટ મળીને કુલ ૧૨૦થી પણ વધુ અધિકારીઓ અને કર્મચારીઓને





ઇન્ટરવ્યૂ લેવાની કામગીરી, પોલ ઉપર ચઢાવવાની કામગીરીમાં જોડવામાં આવેલ.

ગરમીના દિવસો હોવાને લીધે ઇન્ટરવ્યૂના ઉમેદવારોને તડકો ન નડે તે માટે વહેલી સવારે ૬થી ૯ વાગ્યાની વચ્ચે પોલ ઉપર ચઢવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. હાજર રહેલ ઉમેદવારોને પસંદગીની પ્રક્રિયામાં અનુકૂળતા રહે તે માટે થાંભલા ઉપર ચઢતી વખતે ધ્યાનમાં રાખવાની ખાસ સૂચનાઓ પાઠવવામાં આવેલ. તેમજ તમામ ઉમેદવારો માટે પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ. પસંદગીની પ્રક્રિયા અંગે પૂછપરછ કરવા માટે કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ.

આ કામગીરીની જાત માહિતી મેળવવા માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લે સ્થળ પર મુલાકાત લીધેલ. તેઓએ સમગ્ર પ્રક્રિયા અંગેની ઝીણવટભરી માહિતી મેળવી હતી. તેઓએ પોલ પર ચઢાવવાની જગ્યા તથા રૂબરૂ મુલાકાત માટે હાજર રહેલ પેનલના સભ્યો પાસેથી ઇન્ટરવ્યૂ અંગેની વિશેષ માહિતી મેળવેલ. તેઓશ્રી સાથે મુલાકાતમાં કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન આર. દેસાઈ, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતી, નાયબ મહાપ્રબંધક શ્રી એન.બી. બલાત અને પર્સોનલ ઓફિસર શ્રી એસ.એલ. પટેલે ઉપસ્થિત રહીને સમગ્ર કામગીરી અંગેની સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ.

કામમાં રોકવામાં આવેલ અધિકારીઓ અને કર્મચારીઓના સહયોગથી એચ.આર. વિભાગ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન હાથ ધરેલ. ■

# પાટણ ખાતે ગૌરવ દિનની ઉજવણી

આપણે સૌ જાણીએ છીએ તેમ, તા. ૧-૫-૧૯૬૧ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થયેલ, જેને અનુલક્ષીને દર વર્ષની જેમ આ વર્ષે 'ગુજરાત ગૌરવ દિન'ની પાટણ ખાતે ઉજવણી કરવાનું ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ.

તારીખ ૧-૫-૨૦૧૫ના રોજ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે વિભાગીય કચેરી પાટણને રોશનીથી શણગારવામાં આવેલ તથા ઓફિસની વિશેષ સાફ-સફાઈ કરવામાં આવેલ.

કલેક્ટરશ્રી પાટણ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં રાજ્યના માનનીય મંત્રી શ્રી દિલીપસિંહ ઠાકોરની અધ્યક્ષતામાં કલેક્ટરશ્રીની કચેરીથી આનંદ સરોવર સુધી ગૌરવ દિન યાત્રા યોજવામાં આવી



હતી.જેમાં યુજીવીસીએલની વિભાગીય કચેરી પાટણ તથા અન્ય પેટા વિભાગીય કચેરીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં માનનીય મંત્રીશ્રી દ્વારા ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન હેઠળ ચલાવતા વિવિધ કાર્યક્રમો તથા પાટણ જિલ્લાના વિવિધ પબ્લિક હેલ્થ સેન્ટરનાં 'Cell testing machine' જાહેર જનતાના લાભાર્થે અર્પણ કરવામાં આવેલ હતા.

ગુજરાત ગૌરવ દિન નિમિતે તારીખ ૧-૫-૨૦૧૫ના રોજ પાટણ તાલુકાના કમલીવાડા ગામે આંગણવાડીનાં બાળકોને વિભાગીય કચેરી, પાટણ તરફથી તિથિ ભોજન આપવામાં આવેલ. કમલીવાડા ગામે કુલ ૩ આંગણવાડી કેન્દ્રોના આશરે ૬૦ ભુંલકાઓએ તિથિ ભોજન અંતર્ગત શીરો તથા મગનો આસ્વાદ માણેલ.

કમલીવાડા ગામે ગૌરવ દિન નિમિત્તે આંગણવાડી કેન્દ્ર તથા ૬૬ કેવી કમલીવાડા સબસ્ટેશનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવેલ તથા સરપંચશ્રી, તલાટીશ્રી અને ગ્રામજનો થકી સ્વચ્છતા અભિયાન મિશન થકી ગામની સ્વચ્છતા કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું પાટણ વિભાગીય કચેરી દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ. ■

# નેપાળની વ્હારે યુજીવીસીએલ

કચ્છનો ભૂકંપ હોય, કંડલાનું વાવાઝોડું હોય, સુરતનું પૂર હોય કે ઉત્તરાખંડની હોનારત હોય, તમામ કુદરતી આપદાઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સરકારશ્રી તરફથી જ્યારે પણ આદેશ આપવામાં આવ્યો હોય ત્યારે તમામ પ્રકારની સહાય આપવામાં ત્વરિત પ્રતિસાદ આપેલ છે.

તાજેતરમાં નેપાળમાં પણ તીવ્ર ભૂકંપની ઘટના બનતાં ખૂબ જ મકાનો પડી ગયાં તથા મોટા પાયે જાનહાનિ થઈ. ભૂકંપમાં વીજ વિતરણ વ્યવસ્થાને મોટા પાયે નુકસાન થવાને લીધે વીજ વિક્ષેપની પરિસ્થિતિનું નિર્માણ થયેલ. વીજ વિતરણ માટે અતિ આવશ્યક એવા વીજ ટ્રાન્સફોર્મરને મોટા પાયે નુકસાન થયેલ. વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે નવા ટ્રાન્સફોર્મર મુકીને સહાયભૂત થવા માટે સરકારશ્રીના આદેશ અનુસાર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.ની સૂચના મુજબ વિવિધ ક્ષમતાનાં ૧૨૩ ટ્રાન્સફોર્મર લઈને ટેક્નિકલ કર્મચારીઓ સાથે અધિકારીઓને તાત્કાલિક મદદરૂપ થવા મોકલી આપવામાં આવેલ. ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં માનવીય અભિગમ દાખવી અને સેવા કાર્યમાં યુજીવીસીએલે હરહંમેશની જેમ પોતાના ક્ષમતાનો પરિચય આપેલ છે.

નેપાળના ભૂકંપગ્રસ્ત વિસ્તારની મદદની કામગીરી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હારીત શુક્લના માર્ગદર્શન અને શ્રીમતી છાયાબેન દેસાઈ મુખ્ય ઇજનેર (ઓપરેશન)ના નેતૃત્વમાં કરવામાં આવેલ. ■








# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. જય**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગૃપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૮.૬૯
**વાલી : શ્રી દિનેશભાઈ પટેલ**
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનિયર,
યુજીવીસીએલ, વિભાગીય કચેરી વિજાપુર



**ચિ. વિસર્ગ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગૃપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૮.૩૩
**વાલી :** શ્રી વી.વી. ઠાકર
**હોદ્દો :** કાર્યપાલક ઇજનેર
ડિવિઝન ઓફિસ, કડી



**ચિ. રાઘવકુમાર**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગૃપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૭.૦૧
**વાલી :** શ્રી ભીખાભાઈ વી. પટેલ
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
ડિવિઝન ઓફિસ, મોડાસા



**ચિ. વત્સલ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગૃપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૪.૧૦
**વાલી :** શ્રી વી.એમ. શ્રોફ
**હોદ્દો :** કાર્યપાલક ઇજનેર
સર્કલ ઓફિસ, સાબરમતી



**ચિ. હિરેન**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ ગૃપ
**પર્સન્ટેજ :** ૮૯.૮
**વાલી :** શ્રીમતી સુનિતાબેન છાબડીયા
**હોદ્દો :** નાયબ ઇજનેર,
સિલજ સબડિવિઝન



**ચિ. હર્ષનિલ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૯૮
**વાલી :** શ્રી મુકેશભાઈ ચૌધરી
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનીયર
જોટાણા, સબડિવિઝન ઓફિસ



**ચિ. સૌરભકુમાર**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૭.૯૩
**વાલી :** શ્રી રાજેશકુમાર બી. સથવારા
**હોદ્દો :** નાયબ ઇજનેર
ડિવિઝન ઓફિસ, ડીસા-૨

## ગ્રાહકોનો પ્રતિસાદ

**Gujarat Chamber Of Commerce & Industry**

We would like to extend our gratitude to your goodself for your favourable efforts regarding Kerala GIDC Power Supply issues. It has helped the industries to keep their production on for 24 hours, which would help them to reaver their loss due to power shortage.


We look forward for your cordial support in future also.

**- Dharmendra Joshi,**
Secretary General

---

તા. ૨૫-૫-૨૦૧૫ના રોજની અમારી અરજી અન્વયે અમારી યોગેશ્વર સોસાયટીમાંથી પસાર થતી ૧૧ કેવી લાઇન તથા એલ.ટી. લાઇનનું સમારકામ નાયબ ઇજનેરશ્રી મહેસાણા દ્વારા સંતોષકારકરીતે પૂર્ણ કરેલ છે. સહકાર બદલ કંપનીના સ્ટાફને આભાર વ્યક્ત કરું છું.

**- સમ્રાટ સંદીપ વી.,**
૨૯, યોગેશ્વર સોસાયટી, મહેસાણા



## ખાલીપો


અહીં વગડામાં ઊનો વાયરો ફૂંકાય છે,
કાંટાળા થોર પર રેત ઊડી અથડાય છે.
ધરતીનો વલોપાત નજરાતો નથી તોય,
ખાલીપાના રૂપમાં જ ભારોભાર છે.
વેદના-સંવેદનાઓ ઊમટે છે જાણે વંટોળિયા,
અને ઊની રેતમાં ગોળ-ગોળ વલોવાય છે.
''આપણે શું'' એમ વાદળાં ખેલ જોયા કરે,
ને અહીં ધબકારા છે નથી ને નથી નથી.

## વસંતજન્મ

પુષ્પ છે પમરાટ વિણ,
ને છોડવા સૂના સૂના
પર્ણ ખરે પાનખેર વૃક્ષનાં
જાણે મૂકી મોહજાળ ને ઝંખના
ઊભાં મૂક કોઈ યોગી શાં,
સમ શીત હવા સાથ લઈ,
પવન ભમે અહીં તહીં,
જાણે કહેતો ફરે સૌને,
મને ખબર 'એ આવે છે.'
વેરાનમાં વલપતી વનિતા શી,
ને તોય ધબકતી ધરા
પાનખર તો મુજ પ્રસવપીડા
નક્કી વસંતજન્મ એ પછી.

## અસીમ અમીધારા

આ ઘોર અંધારી રાત
જાય વીતી,
ને પ્રભાતકિરણ પ્રગટે તો.
સૌ શોરબકોર ને કોલાહલ,
શમી જાય,
ને શાંત સંગીત સૂર છૂટે તો.
દઝાડતા દાહક તાપ-પ્રતાપ,
મટી જાય.
ને સમ-શીત લહેરખી છોડે તો.
આ ઝેર બધાં હળાહળ
ન રહે ક્યાંય
ને અસીમ અમીધારા વરસે તો.
સઘળાં દુઃખદર્દ દરિયામાં
ડૂબી જાય.
ને સુખનો સાગર છલકે તો.





**શ્રી ઘનશ્યામ પટેલ**
એક્ઝિક્યુટિવ એન્જિનીયર,
લાયઝન ઓફિસ, ગાંધીનગર


## વીજ સલામતી સપ્તાહ તા. ૧-૬-૨૦૧૫થી તા. ૬-૬-૨૦૧૫



# ‘વીજ સલામતી’ સપ્તાહ - એક સંદેશ

આપ સર્વેને ‘વીજ સલામતી’ સપ્તાહ દરમ્યાન સલામત કામગીરી કરવા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

આપ સૌ જાણો છો કે, સતત વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરી માટે આપણે મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છીએ. વીજ વિતરણ અંગે કામગીરીમાં આપણા ગ્રાહકોનો વિશ્વાસ વધે અને વિક્ષેપની ફરિયાદોમાં ઘટાડો થાય તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. વીજ પ્રવાહ સાથેની કામગીરીમાં જો સાવચેતી ન રાખીએ તો જોખમી બની શકે છે.




વધુ પડતો આત્મવિશ્વાસ, ઉતાવળ અને સલામતીના સાધનોની અવગણનાના કારણે વીજ અકસ્માતની શક્યતાઓ વધતી હોય છે. આપ સર્વે કંપનીની અમૂલ્ય અસ્કયામત છો. આપ સૌની સલામતી એ કંપનીની અગ્રિમ જરૂરિયાત છે.

અકસ્માતના કારણે આપને થયેલ ઇજા કે જાનહાનિ સમગ્ર પરિવાર માટે અસહ્ય હોય છે. તેવા સંજોગોમાં મારી આપને નમ્ર અપીલ છે કે, સલામતીના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરીને સાવધાનીપૂર્વક કામ કરજો જેથી ચીવટપૂર્વક કામ પૂર્ણ થશે અને સલામત કામગીરીનો સંતોષ પ્રાપ્ત થશે.

મિત્રો, આ વાત માત્ર ‘વીજ સલામતી’ સપ્તાહ પૂરતી જ અમલમાં ન મુકતાં તેનો કાયમ માટે અમલ કરવાનો છે જેથી ‘વીજ સલામતી’ સપ્તાહની ઉજવણીનો આપણો કાર્યક્રમ સફળ થશે અને આ સફળતાના આપ હંમેશના યશભાગી બનશો તેવી અભ્યર્થના રાખું છું.

આપ સૌની હરહંમેશ કુશળતા ઇચ્છતો.

**હારીત શુક્લ** આઇએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, મહેસાણા

---

**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com